# ઉપસંહાર

સંશોધન એ જ્ઞાન વધારવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિ છે. તેનાથી સંશોધક અને જેના વિષે સંશોધન કરાયું હોય તે સંસ્થાની વિકાસની નવી દિશા ખુલે છે. મને પણ સાંધ્ય દૈનિક 'અકિલા' વિષે સંશોધન કરવાની તક મળેલ તેને હું મારૂ સૌભાગ્ય ગણુ છું. કોઈપણ કાર્યની શરૂઆતમાં તે અઘરૂં લાગે તો તે સ્વાભાવિક છે પરંતુ પ્રથમ પગથિયા પછી બાકીના પગથિયાં આપોઆપ ચડતા જવાય છે. આવું જ મારા સંશોધનની બાબતમાં થયું. વિદ્વાન માર્ગદર્શક ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માર્ગદર્શન હેઠળ ગુજરાતી સાંધ્ય દૈનિક સમાચાર પત્રોમાં 'અકિલા' સાંધ્ય દૈનિકનું પ્રદાન : એક તુલનાત્મક અધ્યયન, વિષય પસંદ કરી સંશોધનની કામગીરી કરી જેનો સંતોષ છે.

પ્રસ્તુત મહાનિબંધમાં ભારતીય પત્રકારત્વના વિકાસની ભૂમિકા અને ગુજરાતી પત્રકારત્વની વિકાસયાત્રાથી શરૂઆત કરવામાં આવેલ છે. આ પ્રકરણ બાદ બાકીના પ્રકરણોમાં રાજકોટના સમાચારપત્રો, 'અકિલા'નો ઉદય અને વિકાસ, જન્મોત્રી, 'અકિલા'ના સમાચાર, વિચાર, વાંચન, અન્ય સાંધ્યદૈનિકોની સરખામણીએ ખુબીઓ અને ખામીઓ વગેરેના પ્રકરણ આલેખવામાં આવ્યા છે. સંશોધન માટે દેશ – વિદેશના વાંચકોના પ્રતિભાવોનો સર્વે કરવામાં આવ્યો છે તેમજ એકસો વાંચકોને પ્રશ્નાવલી મોકલી તેના આધારે સર્વેક્ષણ કરવામાં આવ્યુ છે. સાંધ્ય દૈનિકોમાં 'અકિલા'નું સ્થાન અને પ્રદાન જાણવાનો આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ હતો.

અભ્યાસના અંતે માલૂમ પડે છે કે, 'અકિલા' એટલે સૌરાષ્ટ્રના અખબારી ક્ષેત્રે ઉઘડતી સવાર નહીં પણ સમગ્ર દિવસનો પ્રકાશ અને આથમતી સંધ્યાની શીતળતા છે. વાંચકોના જીવનમાં 'અકિલા'ના પ્રેમનો પ્રકાશ છે. ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે, નદીમાં જે સ્થાન વહેણનું છે, છીપમાં જે સ્થાન મોતીનુ છે, જિંદગીમાં જે સ્થાન વિશ્વાસનું છે, એનાથી અનેકગણુ વિશેષ સ્થાન અખબારી ક્ષેત્રે 'અકિલા'નું છે.

શ્રી હરીન્દ્ર દવેને જેમ પત્રકારત્વએ ગદ્ય લખતા શીખવ્યું. નવલકથાના લેખનની દિક્ષા આપી અને પત્રકારત્વક્ષેત્રએ વ્યાપ આપ્યો તેમ 'અકિલા'એ પણ અનેક લોકોને વ્યાપ આપ્યો છે. 'અકિલા'એ પ્રજાકીય ચળવળોમાં યોગદાન આપી અખબારી ધર્મ નિભાવ્યો છે. જે પ્રચાર માધ્યમો સમાજ અને દેશના જાગૃત પ્રહરી બની રહયાં છે તેમાં 'અકિલા'નું પણ સ્થાન છે. લોકોની આશા અને આકાંક્ષાની અભિવ્યકિતનુ ઉત્તમ માધ્યમ બની રહયું છે. 'અકિલા' સનસનાટીભર્યા સમાચારોમાં નહિ, પરંતુ સત્ય સમાચારોમાં માને છે. 'અકિલા' જાગૃત પ્રહરી છે. છેલ્લા સાડા ત્રણ દાયકાઓથી તેણે લોક કેળવણીનું વિરાટ કામ કર્યુ છે. દૂર–સુદૂર આવેલા વિસ્તારોમાં દુનિયાભરની ખબર પહોંચાડી છે.

માનવીના બાહ્ય દેખાવ કરતાંય એનો સ્વભાવ, એનું ચારિત્ર્ય અને એના સંસ્કાર મહત્વના છે અને એ રીતે જ અખબારના બાહય કલેવર કરતાં વધુ મહત્વ ધરાવે છે સમાચારની તટસ્થતા અને વિશ્વસનિયતા. વાચકોનો વિશ્વાસ જેમાં દ્રઢ થઈ શકે છે એ અખબાર જ વાચકોના હૃદય અને મન સુધી પહોંચી શકે છે. તટસ્થ અને વિશ્વાસના ટકોરાથી રણકતા સમાચાર, કોઈપણ વાચકને સરળતાથી સમજાઈ શકે તેવી સરળ છતા વેધક શૈલી અને લોકોને સતાવી રહેલી સમસ્યાનું સચોટ નિરૂપણ એટલે જ 'અકિલા'નો શબ્દદેહ, જે આજે વિકાસના ઉન્નત શિખરને આંબવામાં સફળ રહયો છે. 'અકિલા'ની અવિરત સફળતા માટેનું શ્રેય કોઈ એકને આપી શકાય તેમ નથી. 'અકિલા' પરિવારનો એક એક સભ્ય યશનો અધિકારી છે. વિકાસને કોઈ અંત હોઈ શકે નહિં અને એ રીતે 'અકિલા' પણ અનંત વિકાસની નેમ ધરાવે છે. એ નેમ પરિપૂર્ણ કરવા શ્રધ્ધા અને શ્રમનો યજ્ઞ છેક છત્રીસ વર્ષ પૂર્વે શરૂ કરવામાં આવ્યો હતો.

'અકિલા' પ્રજાવાદને વરેલુ અખબાર છે, એની વાંચકો પ્રત્યેની નિષ્ઠા અને પ્રતિષ્ઠામાં કોઈ શંકા નથી. તટસ્થતા, નિર્ભયતા અને સચોટ શૈલી ધ્યાનાકર્ષક પાસા છે. ઝડપની બાબતમાં ખરેખર કહી શકાય કે, "Lot of news at lighting speed." 'અકિલા'ની લોકપ્રિયતાના શિખર તરફ સંકેત કરતા રાજકોટના જાણીતા યુવા એડવોકેટ શ્રી હિમાંશુ પજવાણીએ પોતાના અભિપ્રાયમાં જણાવેલ કે 'સવારે ચા – સાંજે અકિલા' તે સૂત્ર સાચું છે પરંતુ હું તો કહું છું કે 'સવારે ગમે તે (ચા અથવા કોફી) ચાલે, પરંતુ સાંજે તો અકિલા જ'.

દરેક સિકકાની બે બાજુ હોય છે. સંશોધનનું તારણ એવું છે કે સમાચારોની ઝડપ, વિશ્વસનીયતા, સામાન્ય માણસોને પણ મહત્વ આપવાનું વલણ, સચિત્ર અહેવાલ, તળપદી શૈલી, અસરકારક મથાળા, આકર્ષક વાર્ષિક લવાજમ યોજના, નિડર, નિષ્પક્ષ અને નિષ્કલંક છાપ વગેરેના કારણે 'અકિલા' વાંચકોમાં ખૂબ લોકપ્રિય છે. જોડણીની બાબતમાં ઘણા સુધારાની જરૂર છે. વાંચકો કાગળની ગુણવત્તામાં અને અક્ષરના કદની બાબતમાં પરિવર્તન ઈચ્છે છે. સમાજ ઉપયોગી સમાચારોની સાથે આરોગ્ય, શિક્ષણ, મહિલાઓ, બાળકો વગેરે બાબતે ખાસ લેખમાળા શરૂ કરવામાં આવે તેવી ઘણા વાંચકોની લાગણી છે. ઝડપથી સમાચાર આપવાની વૃત્તિના કારણે અધકચરા સમાચાર પ્રસિધ્ધ ન થઈ જાય તેની વિશેષ કાળજી લેવાની જરૂરિયાત સંશોધન અને વ્યકિત વિશેષના સૂચનોને આધારે દેખાય છે. કયારેક ધંધાદારી બાબતોને સમાચાર તરીકે સ્થાન મળી જતું હોવાથી સમાજ પર તેની વિપરિત અસર ન પડે તેની કાળજી અપેક્ષિત છે. 'અકિલા' વાંચકોની અપેક્ષા મુજબ કેટલાક સુધારા કરે તો લોકપ્રિયતાનાં વધુ ઉત્તુંગ શિખરો સર કરે તેવી તેની શકિત નકારી શકાય તેમ નથી.

મહાનિબંધ લખવાના અનુભવની સાથે બીજા પણ ઘણાં અનુભવ થયા. વર્ષોથી 'અકિલા'થી પરિચિત હોવાથી માહિતિના એકત્રીકરણમાં સરળતા રહી. સંશોધન નિમિત્તે અનેક લોકોને મળવાનું થયું. કોઈપણ કાર્ય સારી રીતે શરૂ થાય અને સંતોષકારક રીતે પૂર્ણ થાય ત્યારે અંતરમાંથી આનંદ પ્રગટે છે. આ મારા મહાશોધ નિબંધથી મારી જાણકારી અને આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો થયો છે. પત્રકારત્વ ક્ષેત્રે હજુ ઘણું ખેડાણ કરી શકાય તેમ છે. મને પીએચ.ડી.ની પદવી મેળવવા માટેના મહાનિબંધમાં સહયોગી બનેલા સૌનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

---